# સાહિત્ય અને ઇતિહાસ: ગઇકાલ અને આવતીકાલ
# (ઐતિહાસિક સ્થળ પાટણ સંદર્ભે)

શેખ મોબીન બશીરઅહમદ
ગુજરાતી વિભાગ
વી.એન.એસ.જી.યુનિવર્સિટી,સુરત.
Email:- amanpatel7662@gmail.com
Mo:-9512927610

## સારાંશ(Abstract)

ભારતીય સાહિત્યનાં ઇતિહાસમાં સાહિત્ય અને ઇતિહાસને એકબીજાના પૂરક તરીકે જોવાની દ્રષ્ટિ હજારો વર્ષોથી ચાલી આવી છે. ભારતીય પરંપરામાં એક સમયે સમગ્ર લેખનને કાવ્યના વિશેષ સંદર્ભમાં જોવામાં આવતું. એ પરંપરા સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં જગન્નાથ સુધી ચાલી આવે છે. પ્રાચીન સાહિત્યમાં ઇતિહાસને પુરાવૃતની વિદ્યા તરીકે ઓળખવામાં આવતી વિદ્વાનોએ , પુરાવૃત્તને વેદ તરીકે ઓળખાવ્યો છે. ઇતિહાસ સામાજિક પરિવર્તનનો મૂળમંત્ર હોવા ઉપરાંત રાષ્ટ્રજીવનનો પ્રેરણામંત્ર છે. ઇતિહાસ સમાજજીવનને ચિંતનની દિશા અને દ્રષ્ટિ આપે છે. રાષ્ટ્રનું જીવનલક્ષ્ય નક્કી કરવા માટે સમર્થતા આપનાર પણ હોય છે રાષ્ટ્રના .નિર્માણ વિશે ઇતિહાસ એક આધારભૂત તત્વ બની રહે છે ભારતનો .ઇતિહાસ ખૂબ પ્રાચીન છે. તે તેના સામાજિક, સાંસ્કૃતિક વારસાથી વિશ્વભરમાં નામના મેળવે છે. ભારતીય ઇતિહાસના ઘણાં ઐતિહાસિક સ્થળોથી તેણે વિશ્વમાં એક અજોડ સ્થાન મેળવ્યું છે. આ ઐતિહાસિક સ્થળોનું સાહિત્યમાં પણ આલેખન થતું રહ્યું છે. આથી સાહિત્ય અને ઇતિહાસ એક અનોખો સંબંધ ધરાવે છે. પ્રસ્તુત શોધપત્રમાં હું સાહિત્ય અને ઇતિહાસ ગઇકાલ અને : આવતીકાલ ઐતિહાસિક) સ્થળ પાટણ સંદર્ભે(વિષય પર સાહિત્ય અને ઇતિહાસનો સંબંધ દર્શાવવા માંગુ છું આ .શોધપત્રથી આવનાર પેઢી આપણા ઐતિહાસિક સ્થળોથી માહિતગાર થશે. એ મારા શોધપત્રનો મુખ્ય હેતુ રહેશે .

## પ્રસ્તાવના

સાહિત્ય, સામાજિકશાસ્ત્રો અને ઇતિહાસ માનવપ્રવૃત્તિઓનો અભ્યાસ કરતાં હોવા છતાં તેમનાં દૃષ્ટિબિંદુઓમાં તફાવત છે. સામાજિક શાસ્ત્રો મનુષ્યની રાજકીય, આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ તપાસે છે. જેમકે, રાજ્યશાસ્ત્રના અભ્યાસના કેન્દ્રસ્થાને સત્તા છે. અર્થશાસ્ત્રનું કેન્દ્રબિંદુ સંપત્તિ અને વહેંચણી છે. સમાજશાસ્ત્રીઓનો ઝોક સંસ્થાઓ અને મંડળો જેવા સમાજના અંગઉપાંગો ઉપર છે પરંતુ સાહિત્યિક સર્જકનો અભિગમ તદ્દન જુદો છે. સર્જક પોતે સામાજિકશાસ્ત્રો અને ઈતિહાસ અંગે ગમે એટલો જાગૃત હોય, આમ છતાં એક સર્જક તરીકે તે સામાજિક વિદ્યાઓ અને ઇતિહાસના નિયમોથી પર છે. તેનો મૂળ આશય કલા અને કલ્પનાને આધારે માનવીના મન અને હૃદયને ઢંઢોળવાનો છે, સીધું દસ્તાવેજીકરણ કે પૃથક્કરણ કરવાનો નથી.

ઇતિહાસ જાણવાના અનેક સાધનો છે. એમાંથી સૌથી મહત્વનું અને મોટું સાધન સાહિત્ય છે. સાહિત્યના ઉપાદાનરૂપ ભાષા અને તેના પ્રયોગો જેને આધારે ભાષાશ્રયી પુરાતત્વનું શાસ્ત્ર

રચાયું છે તે પણ સંસ્કૃતિક ઇતિહાસનું એક અગત્યનું સાધન છે. સાહિત્ય કોઈ સમય કે યુગમાં રચાયેલું હોય છે. આથી સાહિત્ય પ્રાયઃ એ સમય ઉપર પ્રકાશ પાડે છે અને એ સમય કે યુગનો અભ્યાસ સાહિત્યને સમજવામાં ઉપકારક થાય છે. જીવનને જુદીજુદી દૃષ્ટિએ સ્પર્શતા ઇતિહાસ અને સાહિત્ય જેવા બે મહાન વિષયો આ પ્રકારના અધ્યયનમાં અમુક અંશે એકરૂપતા પામતાં હોય છે.

ઇતિહાસ અને સાહિત્યનું સંશોધન અને અર્થદર્શન પરસ્પર કેવી રીતે ઉપકારક થાય, પરસ્પર કેવી રીતે અજવાળે તેની અહીં વાત રજૂ કરવી છે. ઇતિહાસ એ માનવ સમુદાયની ભૂતકાળની ઘટનાઓ અને પરિવર્તનોનું વિવરણ છે જયારે સાહિત્ય એ ભાષા દ્વારા રચાયેલી એક રચના છે. જેમાં માનવ સંસ્કૃતિ અને સમાજના જીવન, વિચારધારા અને ભાવનાઓની અનુકથા છે. સાહિત્ય અને ઇતિહાસ વચ્ચેનો સંબંધ એ છે કે સાહિત્ય વર્તમાનના કે ભૂતકાળના સમાજને વ્યક્ત કરે છે સાહિત્યિક .ઇતિહાસમાં આ બંનેનું મિશ્રણ હોય છે. જ્યાં સર્જકોના અનુભવ, ભાષા અને સમાજની સંસ્કૃતિ એક સાથે પ્રગટે છે.અહીં આપણે ઐતિહાસિક સ્થળ નું'પાટણ' સાહિત્યમાં કઈ રીતે આલેખન થયું છે, તેનું ઐતિહાસિક સ્થળે અને સાહિત્યિક સ્થળે કેવું નિરૂપણ છે તેની વાત કરીએ.

## પાટણનો ઇતિહાસ

પ્રાચીન ઇતિહાસમાં ગુજરાતની પ્રસિદ્ધ રાજધાની તરીકે ઓળખાતા પાટણ શહેરની સ્થાપના અનુશ્રુતિ અનુસાર સં.૮૦૨ (ઈ.સ.૭૪૬)માં વનરાજ ચાવડાએ સરસ્વતી નદીના કિનારે લખારામ નામે એક જૂના ગામડાની જગ્યાએ કરી હતી. ઈ.સના પંદરમાં સૈકાના આરંભમાં અહમદશાહે અમદાવાદ શહેર વસાવ્યું ત્યાં સુધી પાટણ ગુજરાતનું રાજકીય તેમજ સાંસ્કૃતિક અને વેપારી કેન્દ્ર હતું. પાટણ ચાવડાવંશસોલંકી,વંશ અને વાઘેલાવંશનું પાટનગર હતું. એની સ્થાપના પછી ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર રચાયેલા સંસ્કૃત સાહિત્યમાં એ નગર 'अणिहल पाटक', 'अणिहलवाटक', 'अणिहल पत्तन', 'अणिहलपुर', 'अणिहलवाद पत्तन', 'पत्तन', 'पुत्भेदन' આદિ નામોએ તથા **આધુનિક ગુજરાતીમાં** સામાન્યતઃ **'પાટણ' નામથી ઓળખાય છે.** ભારતમાં વિવિધ સ્થળોએ આવેલા 'પાટણ' નામના નગરોથી અલગ દર્શાવવા ઘણાં લોકો તેને 'સિદ્ધપુર પાટણ' તરીકે ઓળખાવે છે. મુસ્લિમ ઇતિહાસકારો તેને 'નહારવાલા' કહે છે. જે 'અણહિલવાડા'નું અપભ્રષ્ટ રૂપ છે. આધુનિક પાટણ શહેરથી આશરે બે માઈલ પશ્ચિમે જૂના શહેરની જગ્યા ઉપર અત્યારે પણ 'અનાવાડા' નામે એક નાનું ગામ છે. જે પ્રાચીન સ્થળનું અત્યાર સુધીનું સાતત્ય બતાવે છે.

આચાર્ય હેમચંદ્ર તેમના સંસ્કૃત કાવ્યમાં પાટણનું વર્ણન કરતાં જણાવ્યું છે કે, **“अस्ति स्वरितकवद भुर्मेर्ध मार्गारं नयनास्पदम्, पुरं श्रिया सदाश्लितं नाम्नाण हिल पाटकम्”१** અર્થાત્ (ભૂમિના સ્વસ્તિક જેવું, ધર્માગાર, નયના નિવાસરૂપ શ્રી વડે સદા આશ્લિષ્ટ એવું અણહિલપટક નામે નગર છે.

ભારતીય ઇતિહાસમાં પાટણ તેના ધાર્મિક-સામાજિક જીવન, ત્યાંના મંદિરોના સ્થાપત્ય અને શિલ્પ તથા નાગરિકોની સમૃદ્ધિને કારણે મહત્વપૂર્ણ ઐતિહાસિક બાબત ધરાવે છે. કહેવાય છે કે વનરાજ ચાવડાએ જાલિ-તરુની નીચે ધવલગૃહ કરાવ્યું )ધવલગૃહ એટલે રાજધાનીનું પહેલું પગરણ( તથા પંચાસરા પશ્વનાથનું મંદિર પાટણના સ્થાપના સમયે બંધાવ્યું હતું. ત્યારથી માંડી ઘણાં ધાર્મિક સ્થાપત્ય અને રાજાઓ તથા ધનિકો આદિના ધવલગૃહ પાટણમાં બંધાયા હતા. ત્યારબાદ પાટણ(અણહિલપુર)ક્રમે ક્રમે વિકાસ પામ્યું છે.

પાટણના ઐતિહાસિક સ્થળોની વાત કરીએ તો વનરાજના કાંટેશ્વરી પ્રસાદ, અણહિલેશ્વર નિકેતન અને ધવલગૃહ, યોગરાજનું યોગેશ્વરનું મંદિર, ભૂયડનો ભુયડેશ્વર પ્રસાદ, ચામુંડાના ચંદનાથના અને ચાચીણેશ્વર મંદિર, દુર્લભ સરોવર, રાણી ઉદયમતીએ બંધાવેલી રાણીની વાવ, મંત્રી દામોદરે બંધાવેલો કૂવો, સિદ્ધરાજ જયસિંહનો કિર્તીસ્તંભ, સહસ્ત્રલિંગ સરોવર, સત્રગારો તથા વિદ્યામઠો વગેરે સ્થળોથી પાટણ શહેર એક ઐતિહાસિક સ્થળ તરીકે નામના મેળવે છે.

આ નમૂનારૂપ સ્થળોમાંથી રાણી ઉદયમતીએ બંધાવેલ વાવ તથા મંત્રી દામોદરે બનાવેલ કૂવો ઉપરથી ગુજરાતીમાં એક જોડકણું થયું છે કે, **“રાણીકી વાવ ને દમોદારનો કૂવો, જેણે ના જોયો તે જીવતો મૂવો”૨** આ સ્થાપત્યોની વાત આપણે માત્ર ઇતિહાસના પૃષ્ઠ ઉપર જોઈ શકીએ છીએ. પંચાસરા પાશ્વનાથના મંદિરનું જીણોદ્દત્તરૂપ તથા સહસ્ત્રલિંગ તળાવ તથા રાણીની વાવના ખંડેરોને બાદ કરતા આ સ્થાપત્યો કે વિમલ, વસ્તુપાલ-તેજપાલ કે બીજા કોટ્યધીશોના ધવલગૃહોનો આજે ક્યાંય પત્તો નથી. પ્રાચીન પાટણના અવશેષોમાં આજે રાજગઢીના કોટનો ભાગ જર કાલિકા માતાના મંદિરની અડોઅડ હોવાથી સચવાયેલો છે. ‘રાણીનો મહેલ’ નામથી ઓળખાતો ટેકરો કવિ નરસિંહરાવના શબ્દોમાં કહીએ તો ‘રાણીવાવ તણા આ હાડ’ સિવાય કંઈ ખાસ બાકી રહ્યું નથી. સહસ્ત્રલિંગ તળાવનો એક પણ પથ્થર એ જગ્યાએ ખોદકામ થયું તે પૂર્વે દેખાતો ન હતો થોડાક સ્થાપત્યોને બાદ કરતા સોલંકીકાળના વિપુલ સ્થાપત્યોના કોઈ નિશાન પણ આજે સપાટી ઉપર નથી તે આશ્ચર્યજનક છે.બદલાતાં સમય સાથે અંહીંના સ્થાપત્યો ધીરે ધીરે ભૂંસાતા જાય છે. જેનું સંવર્ધન ભારતીય પ્રજાએ કરવું આવશ્યક છે.

## સાહિત્યમાં થયેલ પાટણનું વર્ણન

સાહિત્યમાં પાટણનું વર્ણન અત્યંત વૈભવી, શોભામય અને ગુણસભર તરીકે કરવામાં આવ્યું છે જ્યાં .તેને ગુજરાતના સુવર્ણયુગની રાજધાની અને સંસ્કૃતિક સ્તંભ તરીકે રજુ કરવામાં આવ્યું છે. નવલકથાઓ, અગણિત કાવ્યો અને ઐતિહાસિક કૃતિઓમાં પાટણના ગુણગાન થયા છે. નંદશંકરની ,'કરણઘેલો'મુનશીની પાટણની પ્રભુતા જેવી 'નવલકથાઓમાં તેનું વિશિષ્ટ સ્થાન વર્ણવાયું છે તરીકે 'ધર્માગાર' 'પાટણને' શ્રીમદ્ રાજચંદ્રએ .ઓળખાવ્યું તો મુનશી તેની વિદ્યા, સમૃદ્ધિ અને રસિકતાને અયોધ્યા, પાટલીપુત્ર, રોમ એથેન્સ અને પેરીસ સાથે સરખાવે છે. જૈનસાધુઓ હેમચંદ્રાચાર્ય તથા રામચંદ્ર, ગુણચન્દ્રની કૃતિઓમાં પણ પાટણનો ઉલ્લેખ થયો છે.

આ ઉપરાંત ગુજરતી નવલકથાકાર ગૌરીશંકર જોશીની 'ધૂમકેતુ' નવકથામા 'ચૌલાદેવી' પણ પાટણના તે સામતના રાજા ભીમદેવના સમયની રાજકીય સામજિક ખટપટનુ આલેખન છે.

'પાટણની પ્રભુતા' મુનશીની પ્રથમ ઐતિહાસિક નવલકથા છે. આ નવલકથાએ મુનશીને ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન અપાવ્યું છે. પાટણની પ્રભુતા નવલકથા સોલંકી યુગના કર્ણદેવ સોલંકી અને તેના પુત્ર સિદ્ધરાજ જયસિંહના સમયના બનાવોને કેન્દ્રમાં રાખીને લખાયેલી નવલકથા છે. મુનશી તેને ઐતિહાસિક નવલકથા તરીકે ઓળખાવે છે. તો પણ 'પાટણની પ્રભુતા'ની ઐતિહાસિકતાનો પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે. આ નવલકથામાં મુખ્યત્વે બે પ્રવાહો સમયાંતરે વહે છે; એક કર્ણદેવના અંત સમયે તે સમયના ગુજરાતમાં ચાલતાં રાજકીય –ધાર્મિક ઝઘડાઓનું ચિત્રણ; બીજો, મહારાણી મીનળદેવી અને મહામંત્રી મુંજાલની પ્રણયકથા. શ્રી રમણ કોઠારી 'પાટણની પ્રભુતા'માં ઐતિહાસિકતા કેટલી? આ સંદર્ભે નોંધતા કહે છે: **"'પાટણની પ્રભુતા'માં સૌથી મહત્ત્વની વાત મીનળ–મુંજાલની પ્રેમકથા કાલ્પનિક છે. ઇતિહાસમાં એનું ક્યાંય મૂળ મળતું નથી. પાટણની પ્રભુતામાં કર્ણનું મૃત્યુ થયું અને તેના મરણ બાદ સિદ્ધરાજનો રાજ્યાભિષેક થયો –એવો ઉલ્લેખ છે. ખરી રીતે કર્ણે પોતાની હયાતીમાં સિદ્ધરાજ જયસિંહનો રાજ્યાભિષેક પાટણમાં કર્યો હતો અને પોતે ત્યાર પછી કર્ણાવતી જઈને રહ્યો હતો અને ત્યાં મૃત્યુ પામ્યો હતો. પ્રસન્નાને ખોટી રીતે મીનળદેવીની ભત્રીજી ઠરાવવામાં આવી, આથીયે વધુ તો 'પાટણની પ્રભુતા'માં ઇતિહાસના પાત્રો યોજીને કલ્પિત પ્રસંગો ઉપર આખી ઇમારત ચણવામાં આવી છે."**

સમગ્ર નવલકથાનું વસ્તુસંવિધાન મોહક, વેગવંતુ પણ કલામુક લાગે છે તો પણ રાજખટના એક પછી એક ખૂબજ ઝડપથી બનતા પ્રસંગોની સાથે મીનળદેવી–મુંજાલની પ્રણય

કથા, ત્રિભુવન–પપ્રસન્નાની પ્રણય ગોષ્ઠીઓ, દેવપ્રસાદ –હંસાના દાંપત્યના મંગલકરુણ ચિત્રો વગેરે પ્રસંગોનું સમાયોજન કરીને નવલકથાને અત્યંત આકર્ષક અને રસિક બનાવી છે. તો નવલકથામાં 'રાજાધિરાજ'પાટણ અને જુનાગઢ વચ્ચેના યુદ્ધ અને તે સમયના રાજકીય, સામાજિક અને સંસ્કૃતિક પરીપ્રેક્ષ્યનું સંકલન કરવામાં આવ્યું છે. તો રાજધીરાજના શાસન અને દક્ષીણ ભારતીય ચૌલ વંશ સાથેના સંઘર્ષને પણ આલેખાયું છે.

પાટણનું મહત્વ દર્શાવતાં કાવ્યો અને સાહિત્યમાં પાટણને એક પ્રાચીન, સંસ્કૃતિક, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળ તરીકે મોટી માન્યતા મળી છે પાટણ .ગુજરાતનું પેહલું રાજધાની અને એક વૈભવી નગર હતું, જેના ઇતિહાસ અને સંસ્કૃતિને વ્યક્ત કરતી અનેક કવિતાઓ અને સાહિત્ય કૃતિઓ લખાઈ છે. જેમકે ગૌરવ' ગાથા ,'ધન્ય ધારા ગુજરાતની પદ્યમાં' ,'પાટણ વગેરે આ ' ઉપરાંત પાટણના સોલંકી યુગના રાજા ભીમદેવના સમયમાં થઇ ગયેલા કવિ સુરાચાર્યાએ નામનું 'રાઘવપાંડવીય'કાવ્ય લખ્યું હતું. તથા જૈન વિદ્વાન હેમચંદ્રાચાર્ય ઉપરાંત અનેક ધર્મજ્ઞ, પંડિતોના સાહિત્ય સર્જન અને જ્ઞાનભંડારોમાં સુરક્ષિત થવા પાટણે પુષ્કળ યોગદાન આપ્યું છે . આમ સાહિત્યમાં ઇતિહાસની ઘટનાઓ કે વસ્તુઓનો આધાર લઈ થોડી કાલ્પનિકતા સાથે નવલકથાકાર સાહિત્ય સર્જન કરે છે. આ સાહિત્ય વાચકને ઇતિહાસ વાંચવા પ્રેરે છે. સાહિત્યકાર ઈતિહાસને પુનઃજીવિત કરવાનું કામ નથી કરતો પરંતુ તે ઇતિહાસને આધાર બનાવી પોતાની કલ્પના શક્તિને કામે લગાડી સાહિત્ય સર્જન કરતો હોય છે. આથી ઐતિહાસિક નવલકથાઓ કે કૃતિઓમાં કલ્પનાને સ્થાન હોય છે.

પાટણનો ઇતિહાસ ગુજરાતના મધ્યકાળના ઇતિહાસ સાથે જોડાયેલો છે.પાટણની સ્થાપના બાદ તે વર્ષો સુધી ગુજરાતનું પાટનગર રહ્યું હતું. વનરાજ ચાવડા, સિદ્ધરાજ જયસિંહ તથા વસ્તુપાળ અને તેજપાલ જેવા અનેક શાસકો તથા રાણી ઉદયમતી જેવી મહારાણીઓના નામ પાટણ સાથે સદીઓ સુધી સંકળાયેલા રહેશે .UNESCO દ્વારા વૈશ્વિક 'રાણીની વાવ' વારસા તરીકે સ્થાન પ્રાપ્ત થયું છે. આજે પણ પાટણમાં ગામ, વિવિધ ધાર્મિક મંદિરો, પ્રાચીન શિલ્પ તથા પટોળાની હસ્તકલા અને સાંસ્કૃતિક ઉત્સવો તેની કેન્દ્રીયતા જાળવે છે. નવનવીન સંશોધન, પ્રકાશન અને સાહિત્ય આનંદથી આ વરસો નવી પેઢીને પ્રેરિત કરી રહ્યો છે. પાટણ એ ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્યનું જીવંત પ્રતીક છે, જેના ગઈકાલથી આજ અને આવતીકાલ સુધી મહત્વ પ્રતિષ્ઠિત રહ્યું છે .

## સંદર્ભસૂચિ


૧. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૪ (સોલંકી કાળ), હરિપ્રસાદ શાસ્ત્રી , .ભોજે.વિદ્યાભવન અમદાવાદ.

૨. 'પાટણની પ્રભુતા', ક. મા. મુનશી

૩. મુનશીની ઐતિહાસિક નવલકથાઓ (ઓનલાઈન લેખ)

૪. ગુજરાતની અસ્મિતા ભાગ ૨, યોગેશ એડવર્ટાઇઝિંગ ભાવનગર, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૦.



VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
सत्यम् ज्ञानम् अनन्तम्